નિઝામી ગ્રંથમાળા નંબર ૪.

અમારા નબી.

અનુવાદક અને પ્રગટ કર્તા.

નિઝામુદ્દીન અમીરૂદ્દીન કુરેશી.

માલેક-નિઝામીઆ બુક ડેપો.

પાંચપટી—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

સપ્ટેમ્બર ૧૯૧૪ શવ્વાલ ૧૩૩૨

કીમત બે આના.

આ પુસ્તક પાંચપટી અમદાવાદમાં આવેલા ધી નિઝામીયા પ્રી. પ્રેસમાં મી. નિઝામુદ્દીન અમીરૂદ્દીન કુરેશીએ છાપ્યું.

૭૮૬

બે બોલ.

અસલ ઉરદુમાં "હમારે નબી" નામનું નાનકડું પુસ્તક વડોદરા કોલેજના ફારસીના પ્રોફેસર જનાબ મોલવી સય્યદ નવાબ અલી સાહેબ એમ. એ. એ લખેલું છે. તેનો આ તરજુમો છે. અસલ ઉરદુમાં પણ ભાષા બહુજ સહેલી અને નાના બાળકો સહેજમાં સમજી શકે એવી લખેલી હોવાથી ગુજરાતીમાં પણ એ વાતનો ખાસ ખ્યાલમાં રાખવામાં આવ્યો છે.

હજરત રસુલે અકરમ સલ૦ ના મુબારક હાલાત પ્રગટ થઇ મુસલમાન અને ગેર મુસલીમ પ્રજામાં ભારે છુટથી વહેંચાવવાની જરૂર છે. અને તે માટે કોમના આગેવાન લોકોનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

પાંચપટી	આપનોજ
અમદાવાદ.	નિઝામુદ્દીન એ. કુરેશી.

بسم الله الرحمن الرحيم

સાલારે કાફલા હૈ મીરે હિજાઝ અપના
ઇસ નામસે હૈ બાકી આરામે જાં હમારા

અમારા નબી.

બાબ ૧.

કુરેશ કુટુંબમાં **બીબી આમેના** નામનાં એક બાનુ હતાં જેઓ ઘણાંજ ભલાં હતાં. તેમનું લગ્ન મકકાના સરદાર **અબ્દુલ મુત્તલિબના** દીકરા **અબ્દુલ્લાહ** સાથે થયું હતું ખુદાના પ્યારા અને અમારા નબી **મોહમ્મદ** તેમના એક પુરા બેટા હતા. અમારા નબીના જન્મને ત્રણ અઠવાડીયાની વાર હતી તે સમયે એક ખ્રિસ્તી બાદશાહ મોટા મોટા હાથીઓ અને અસંખ્ય લશ્કરની સાથે મકકા

ઉપર ચઢી આવ્યો અને તે કાબાને પાડી નાંખી કુરેશોને પકડી જવા ચાહતો હતો; પણ અમારા નબીની બરકતથી આકાશ ઉપર અસંખ્ય અબાબીલો ચાંચ અને પંજામાં કાંકરા લઇને ખુદાના હુકમથી ઘેરાઇ ગઇ અને તે કાંકરા દુશમનોના માથા ઉપર વરસાવવા શરૂ કર્યાં. તે કાંકરા એવા હતા કે દુશમનો મુકાબલામાં ટકી શકયા નહીં અને જેવા આવ્યા હતા તેવા ન્હાસી ગયા.

આપડાં **બીબી આમેના** ડુંગરમાં સંતાઇ ગયાં હતાં જ્યારે દુશમનો ન્હાસી ગયા ત્યારે તેઓ ઘેર આવ્યાં. અમારા નબી સોમવારની સહવારે જન્મ પામ્યા, આપનું નામ **મોહમ્મદ** રાખવામાં આવ્યું. વાહ કેવું મીઠું નામ છે? ખુદાએ આપની તારીફ કરી. આકાશ અને જમીનમાં આપની આમદની ધુમ મચી ગઇ આપની બરકતથી સર્વે બલાઓ નાબુદ થઇ ગઇ. મકકામાં દુકાળ હતો, બીમારી હતી તે સર્વે સંકટો આપના પેદા થતાંજ વરસાદ વરસવાથી દુર થઇ ગયા.

બાબ ૨.

અમારા નબીના જન્મ પામવાના થોડા દિવસ પહેલાં આપના પિતા **અબદુલ્લાહ** સ્વર્ગવાશી થઇ ચુકયા હતા. **બીબી આમેના** પણ થોડા દીવસ પછી આ ફાની જહાનથી કુચ કરી ગયાં, જેથી અમારા નબી નહાનપણમાંજ યતીમ (વગર મા બાપના) થઇ ગયા. ન બાપનો સાહયો મળ્યો ન માની મીઠી ગોદમાં રમવા પામ્યા.

તેમને કોઇ ભાઇ તેમજ બ્હેન પણ નહોતી. આપના કાકા **અબુ તાલીબે** ઘણાંજ હેત અને પ્યારથી આપનું પાલણ પોષણ કર્યું, આપની મીઠી મીઠી વાતો તથા દયા ઉપજાવનાર ભોળો ચેહરો જોઇને બધા રાજી થતા હતા.

અમારા નબી પોતાના મિત્રાઇઓની સાથે **મુસા** નબીના પેઠે વનમાં બકરાઓ ચારવા જતા હતા ઘરનું કામકાજ કરતા હતા અને મેળમેળાપ સાથે રહેતા હતાં.

જ્યારે અમારા નબી જુવાન થયાં ત્યારે આપના કુટુંબના **બીબી ખદીજા** નામના એક બાનુએ પોતાના વ્યાપારનો માલ આપી આપને શામ (સીરીયા) દેશ તરફ મોકલ્યા. આપે માલ લેઇને સારી પેઠે નફો મેળવ્યો અને ઘેર પાછા ફરીને પાઇપાઇનો હિસાબ આપી દીધો.

બીબી ખદીજા વિધવા હતાં. આપની સત્યતા, મહેનત અને બાહોશી જોઇને ઘણાંજ રાજી થયા અને આપની સાથે નિકાહ કરવાની ઇચ્છા જાહેર કરી, જે ઉપરથી **અબુતાલીબે** અમારા નબીના નિકાહ **બીબી ખદીજા**ની સાથે કરી આપ્યા.

બીબી ખદીજા ઘણાંજ ભલા બાનુ હતાં. અમારા નબીની ઘણીજ સેવા ચાકરી કરી. અમારા નબીને પણ **બીબી ખદીજા** ઉપર અથાગ પ્યાર હતો.

બાબ ૩.

એક દીવસે બજારમાં લોકો એક છોકરાને કાંઇ જગ્યાએથી પકડી લાવ્યા અને તે સમયના રિવાજ પ્રમાણે તેને વેચતા હતા.

બીબી ખદીજાએ તે છોકરાને ખરીદી અમારા નબીની ચાકરીમાં રાખ્યો.

અમારા નબીને તે ગુલામ ઉપર ઘણીજ દયા આવી તેથી તેના ઉપર અતી મમતા દેખાડી અને મોટા મોહોબ્બતની સાથે પોતાની પાસે રાખ્યો. છોકરાને પણ અમારા નબીની સાથે એટલી બધી મોહબ્બત થઇ ગઈ કે જ્યારે તેના બાપ મકકામાં આવ્યો અને રૂપીયા આપી પોતાના છોકરાને પોતાની સાથે લઇ જવાની ઇચ્છા જાહેર કરી ત્યારે તે છોકરાએ પોતાના બાપની સાથે જવાની સાફ ના પાડી દીધી આ છોકરાનું નામ ઝેદ હતું. તે મરતાં સુધી અમારા નબીથી જુદો થયો નહીં.

અમારા નબી બાળકો ઉપર ઘણાં મહેરબાન હતા. તેઓ બાળકોના માથા ઉપર મમતાથી હાથ ફેરવી પ્યાર કરતા હતા.

બાબ ૪.

જ્યારે અમારા નબી ચાલીસ વરસની વયના થયાં ત્યારે પાક પરવર દિગારે ઇસા મુસા અને બીજા નબીઓની પાસે જે

જીબ્રઇલ ફિરસ્તાની મારફતે પોતાના સંદેશાઓ મોકલ્યા હતા તેજ જીબ્રઇલ ફિરસ્તાની સાથે અમારા નબી ઉપર સંદેશો મોકલીને હુકમ આપ્યો કે "અય મોહંમ્મદ! મારા બંદાઓને સારી વાતો બતાવો, ખરાબ વાતોથી બચાવો અને સરવેને સીધા રસ્તા ઉપર લાવો."

અમારા નબી ખુદાનો સંદેશો સાંભળી સફા નામના ડુંગર ઉપર ચઢી ગયા અને પોતાના સગા સંબંધીઓને તથા પોતાની કુરેશ કોમના સઘળા માણસોને પોકાર્યા અને જ્યારે બધા લોકો હાજર થઈ ગયા ત્યારે આપે ફરમાવ્યું.

"લોકો! જો કદાચ હું તમોને કહું કે આ ડુંગરની પાછળ એક મોટું લશકર સંતાઇ રહ્યું છે અને જે તમને લુંટીને તમારી માલમીલકત બરબાદ કરી નાંખશે તો શું તમે માનશો?"

આ સાંભળીને સર્વે જણા બોલી ઉઠયા. "હા અમે માની શું, એટલા માટે કે નહાનપણથી અત્યાર સુધી તમે કદાપી જુઠું બોલ્યા નથી. એ અમે સારી પેઠે જાણીએ છીએ વળી તમે હમેશા અમારી ભલાઇ ચાહો છો. માટે કહો તમે શું કહો છો? તમે જે કાંઇ કહેશો તે અમે સાચું માનીશું."

આ સાંભળી અમારા નબીએ પોકારીને કહ્યું "લોકો તમે મને સાચો જાણો છો તો સાંભળો! એક દીવસે અમો સઘળાને આ

દુનિઆ તજી ખુદાની આગળ જવું છે જેવું કરશો તેવું પામશો ત્યાં કોઇ કોઇની મદદ કરી શકશે નહીં. આ તમારા દેવો કાંઇ કામ નહીં આવે તેમજ ખુદાની આગળ તે તમારી ભલામણ કરી શકશે નહીં. માટે બસ એકજ અલ્લાહને માનો જે આપણા સઘળાનો પાલણહાર અને માબાપથી વધારે મહેરબાન છે. "

આ સાંભળી જે લોકો સારા હતા તેઓએ આપના ફરમાનને ટેકો આપ્યો જેઓ મુસલમાન કહેવાયા અને જેઓ ખરાબ હતા તેઓએ વિરૂધ્ધતા જાહેર કરી એટલે તેઓ નાસ્તિક થયા.

બાબ ૫.

અમાશનબી નાના મોટા અમીર ગરીબ બધાને ખુદાની વાણી સંભળાવી નેકીનો રસ્તો બતાવતા હતા. પરંતુ નાસ્તિકો આપના બોધને સાંભળતા નહોતા અને આપને જુદી જુદી જાતના દુઃખો પહોંચાડતા હતા. તેઓમાંના કોઇ આપને જાદુગર અને કોઇ ગાંડા કહી ખરાબ ઉપનામોથી યાદ કરતા હતા પણ ખુદાના બંદા અને અમાસા નબી એમના કહેવાનો લગારે ખ્યાલ કરતા ન હતા અને તેઓને સારી વાતો તથા ભલાઇનો બોધ કરતા હતા.

આપ રસ્તામાંથી પસાર થતા તો નાસ્તિકો રસ્તામાં કાંટા પાથરતા અને ધુળ વિગેરે નાંખતા હતા. કાંટાથી અમાસ નબીના પગ લોહીલુહાણ થઇ જતા. ટુંકામાં એટલુંજ કે અમાસ નબીને

અનેક રીતે પજવતા હતા અને આપની સાથેજ આપના માનનારા મુસલમાનોને પણ અનેક રીતે દુઃખ આપવામાં આવતું હતું. જેઓ પૈસાદાર હતા તેમને ગાળો આપતા અને જેઓ ગરીબ હતા તેઓમાંના કેટલાકને અરબસ્તાનની આગ મિસાલ બળતી રેતાળ ભોંય ઉપર ખરી બપોરની વખતે સુવારી છાતી ઉપર પથરા મુકતા હતા. કેટલાકોને કોરડાઓનો માર મારતા હતા, પણ તે સાચા મુસલમાનો સઘળા સંકટો સહી પોતાનો પાક ધર્મ **ઇસલામ** જે અમારા નબીએ તેમને શીખવાડ્યો હતો તે છોડતા નહોતા.

બાબ ૬.

નાસ્તિકોએ એક દીવસે પોતામાંના એક મોટા સરદારને અમારા નબીની સેવામાં એટલા માટે મોકલ્યો કે તે આપને દુન્યાવી લાલચોથી લલચાવી ખુદાઇ રસ્તો બતાવનારા બોધ આપવાથી રોકીદે તે સરદાર અમારા નબીની સેવામાં આવ્યો અને ઘણીજ નમ્રતાથી કહેવા લાગ્યો. “ઓ મારા ભાઇના દીકરા! જો તમે આ કામથી માલ મિલકત ભેગી કરવાનો વિચાર રાખતા હો તો અમોને કહો અમે સર્વે મળીને તમોને માલામાલ કરી દઇએ જો તમે માન મરતબો મેળવવા ઇચ્છતા હો તો આવો અમે તમને અમારા સરદાર બનાવીએ. જો તમે હકુમત ચાહતા હો તો અમે અમારા બાદશાહ બનાવીએ.’

આ સાંભળી અમારા નબીએ જવાબ આપ્યો " ઓ સરદાર! અને આમાંનું કાંઈ ન જોઈએ, તમે જઈને લોકોને કહોકે બસ એકજ ખુદાને માનો, તેનીજ પાસે પાપોની માફી ચાહો અને સદકો આપો."

બાબ ૭.

નાસ્તિકોએ મુસલમાનોને એટલા બધા પજવ્યા કે તેઓનું મક્કામાં રહેવું મુશ્કેલ થઇ પડ્યું. એ જોઇને અમારા નબીએ ઘણાખરા મુસલમાનોને સીધીઓના દેશમાં જ્યાંનો બાદશાહ ખ્રિસ્તી હતો ત્યાં મોકલી આપ્યા મુસલમાનો ત્યાં પણ અમન ન મેળવી શકે તેટલા માટે નાસ્તિકોએ તરતજ તેમની પાછળ પોતાનો કાસદ મોકલ્યો.

બાદશાહે મુસલમાનોને દરબારમાં બોલાવીને તેઓની હકીકત પુછી તો અમારા નબીના પિત્રાઈ જાઅફરે જવાબમાં કહ્યું-

" ઓ બાદશાહ! અમો દેવોને પુજતા હતા, અપવિત્ર રહેતા હતા. મુરદાર ખાતા હતા, નજીવી બાબતો માટે લડતા હતા અને બેહુદા પણાંથી વર્તતા હતા. આવી હાલત જોઇ ખુદાએ અમારા ઉપર મહેરબાની કરી અને અને અમારામાં એક નબી પેદા કર્યો, જેમનું નામ મોહમ્મદ છે. તે ઘણાંજ ભલા ખાનદાની અને સત્યવાદી છે, તેઓએ એકજ ખુદાને માનવાનું શિક્ષણ આપ્યું,

દેવોની પુજા કરવાની મનાઇ કરી, સત્ય બોલવાનો અને વાયદો કર્યો હોય તેને પુરો કરવાનો તથા સર્વની સાથે નરમાશ અને મહેરબાનીથી વર્તવાનો બોધ આપ્યો, અય બાદશાહ! અમોએ અમારા નબીના શિક્ષણનો સ્વીકાર કર્યો તેટલા માટે અમારી કોમ અમારા ઉપર રીસે ભરાઇ છે અને તેણે અમારા ઉપર એટલી બધી સખ્તી ગુજારી કે અમો અમારા ઘરબાર તજીને તારા દેશમાં પનાહ લેવા માટે આવ્યા છીએ"

બાદશાહે આ સાંભળીને કહ્યું "વારૂ કાંઇક કુરઆન ભણો", જાઅફરે સુરએ મરિયમની કેટલીક આયતો એવી રીતે સંભળાવી કે બાદશાહ તથા તેના દરબારના પાદરીઓની આંખોમાંથી આંસુઓ વહેવા માંડયા અને તેઓ બોલ્યા.

"બેશક આ ખુદાની વાણી છે. મસીહે ઇનજીલમાં આ નબીના આવેજ ભવિષ્ય ભાખેલું છે. ખરેખર **મોહમ્મદ અલ્લાહના રસુલ** છે" આટલું બોલી તે સઘળા બાદશાહની સાથે મુસલમાન થઇ ગયા.

બાબ ૮.

અમારા નબીને જ્યારે નાસ્તિકોએ બહુજ દુઃખો દેવા માંડયા ત્યારે થોડા દીવસના માટે આપ મકકાથી નીકળીને **તાયફ** શહેરમાં

તશરીફ લઇ ગયા અને ત્યાંના લોકોમાં બોધ કરવા માંડયો. તાયફના સરદારોને પોતાના પૈસા ટકા ઉપર ઘણીજ મગરૂરી હોવાથી તેઓએ અમારા નબીના ઉતમ બોધની કાંઇ કદર કરી નહીં એટલે ખુદાની વાણી સાંભળવા તરફ સખત અણગમો જાહેર કરી ગુલામો તથા છોકરાઓને અમારા નબીની પાછળ લગાડી દીધાં જેઓએ અગાઉ નબી ઉપર પથરાઓ ફેંકી તથા ગાળો દઇ અમારા નબીને શહેરની બહાર કાઢી મુકયા.

અમારા નબી પથર લાગવાથી જખ્મી થઇને તથા ભુખ તરસથી લાચાર બનીને વગડામાં એક ખજુરના ઝાડની નીચે બેસી ગયા અને નમાઝ અદા કરી પાક પરવર દિગારની જનાબમાં આ દોઆ માંગી.

"ખુદાવંદા! તું રાજી હોય તો કાંઇ રંજ નથી હું તારો સંદેશો પોંહચાડવામાં પાછી પાની નહીં કરૂં તુંજ મને મદદ કરજે."

છેવટે અમારા નબી મકકામાં પાછા આવ્યા અને જે મુસાફરો બહાર ગામથી આવીને મકકામાં ઉતરતા હતા તેઓની વચ્ચે બોધ કરવા માંડયો. જેના અસરથી મદીનાથી આવેલા કેટલાક માણસો ખુદાની વાણી સાંભળી આપના ઉપર ઇમાન લાવ્યા એટલે મુસલમાન થયા.

બાબ ૯.

અમારા નબી એક રાતે કાબામાં સુઇ રહ્યા હતા ખુદાએ જીબ્રઇલ ફિરસ્તાને મોકલી આપને આકાશ ઉપર બોલાવ્યા.

જીબ્રઇલ પેહલાં અમારા નબીને બયતુલ મુકદ્દસમાં લઇ ગયા જ્યાં પોંહચીને અમારા નબીએ નમાઝ અદા કરી, નમાઝ પુરી થતાં જીબ્રઇલ આકાશ ઉપર લઇ ગયા જ્યાં અમારા નબીએ મુસા, ઇસા, યુસુફ ઇબ્રાહીમ નુહ તથા આદમ વિગેરે નબીઓની મુલાકાત લીધી.

ફરી ખુદાએ અમારા નબીને આકાશોના ઉપર પોતાની પાસે બોલાવી આપથી વાતચીત કરી અને આપને બહુ મોટા મરતબો બક્ષો અને હુકમ આપ્યો કે આપની ઉમ્મતને સવાર, ઝોહાર, અસર, મગરેબ અને ઇશાની પાંચ વખત નમાઝ ભણવાની તાકીદ કરજો કે જેથી તેઓને આખેરતમાં મોટું માન મળે.

તે પછી અમારા નબી ત્યાંથી પાછા આવ્યા. અમારા નબીએ આકાશોની અજાયબીઓ જોઇ ફિરસ્તાઓ તથા નબીઓએ અમારા નબીને મુબારકબાદ આપી ફરી જીબ્રઇલ ફિરસ્તા અમારા નબીને જે જગ્યાએથી લઇ ગયા હતા તે જગ્યાએ તેજ રાતે પાછા પહોંચાડી ગયા.

બાબ ૧૦.

જે મદીના વાસીઓ મુસલમાન થયા હતા તેઓ જ્યારે મદીને પહોંચ્યા અને મદીનાના રહેનારાઓએ તેમના મોઢેથી અમારા નબીની હકીકત સાંભળી ત્યારે તેઓ આનંદની સાથે અમારા નબીની પાસે આવવા લાગ્યા અને ખુદાની વાણી સાંભળી મુસલમાન થવા લાગ્યા મુસલમાન થયા પછી તેઓએ અમારા નબીની સેવામાં અરજ ગુજારી “ **યા રસુલલ્લાહ** ! આ શહેરનાં નાસ્તિકોએ આપને ઘણાંજ દુઃખો પહોંચાડયાં છે તેથી હવે આપનું તથા મુસલમાનોનું અહીં રહેવું ઠીક નથી માટે આપ મદીને તશરીફ લઇ ચાલો અને ત્યાંના લોકોને બોધ કરો અમે બધા અંતઃકરણ પુર્વક આપની સેવા ચાકરી કરવા માટે તૈયાર છીએ.”

અમારા નબીએ તેઓની આ માંગણી કબુલ રાખી અને મુસલમાનોને પોતાના મદીનાવાસી મુસલમાન ભાઇઓની સાથે મદીને જવાનો હુકમ આપ્યો જેથી મુસલમાનો પોતાનો દેશ તજી મદીને જઇને રહ્યા ફરી અમારા નબીએ પણ મદીને જવાની તૈયારી કરી જ્યારે નાસ્તિકોએ અમારા નબીને હાથમાંથી છટકી જતાં જોયા ત્યારે તેઓ બધાએ મળીને અમારા નબીને ઠાર કરવાનો ઠરાવ કર્યો અને રાતની વેળાએ આપનું કામ તમામ કરી નાંખવા માટે આપના મકાનની આસ પાસ સંતાઇ રહ્યા પણ ખુદાએ અમારા નબીને બચાવી લીધા નાસ્તિકો આપના એક વાળને

પણ ઇજા ન પહોંચાડી શક્યા અને અમારા નબી મકાનમાંથી નીકળી શહેરની બહાર એક ગુફામાં સંતાયા.

નાસ્તિકોએ સવારમાં અમારા નબીને પકડી લાવવા માટે ચારે બાજુએ અસવારો દોડાવ્યા અને જ્યાં મળે ત્યાં ઠાર કરવા માટે પોતે પણ આપની શોધમાં નિકળ્યા. કેટલાક કુરેશો તો ગુફા સુધી પહોંચ્યા તે વખતે અમારા નબીના સાથીએ જીંદગીથી નિરાશ થઈ "અમો હવે બચી શકતા નથી" એમ કહયું પણ અમારા નબીએ હીંમતથી સાથે દીલાસો આપતાં કહયું "કાંઇ ચિન્તા નહીં ખુદા આપણી સાથે છે."

ખુદાની કુદરતનો ચમત્કાર જુઓ ? તે ગુફાના મોંઢા આગળ કરોળીયાએ જાળ નાંખી દીધી અને જંગલી કબુતરોએ ઇંડા મુક્યા હતાં જેથી નાસ્તિકો આ ગુફાને તદન ઉજ્જડ સમજી આગળ નીકળી ગયા અને છેવટે નિરાશ બની પાછા ફર્યા.

ત્રીજા દીવસે ગુફામાંથી નીકળી અમારા નબી મદીને તશરીફ લઈ ગયા. પરંતુ એક અસવારે આપને જોઇ લીધા તેણે તે હાથમાં ભાલો લઈને આપની પાછળ પડયો ખુદાએ પોતાના પ્યારા રસુલનું રક્ષણ કર્યું એટલે અસવારના ઘોડાએ ઠોકર ખાધી અને તે અસવાર પથરની ભોંય ઉપર ઘોડા ઉપરથી પછડાઈ પડયો. અમારા નબીએ કાબુમાં આવી પડેલા દુશમન ઉપર દયા ખાઈને છોડી દીધો એટલે તે સવાર ઉઠયો અને તવબા કરીને મુસલમાન થઈ ગયો.

બાબ ૧૧.

અમારા નબીએ મદીને પહોંચીને બધા મુસલમાનોની મદદથી પોતાના હાથે એક મસજીદનો પાયો નાંખ્યો અને તે મસજીદ તૈયાર થતાં ખુદાએ પાકની વગર અટકાયે એબાદત કરવા લાગ્યા.

અમારા નબી મુસલમાનોની સાથે નમાઝ અદા કરીને ફરમાવતા હતા "જે માણસ દુનિયામાં પ્રાણી માત્ર સાથે દયા ભાવથી વર્તે છે, અને બાળકોને ચાહે છે. તેના ઉપર ખુદા વ્હાલ રાખે છે. લોકો ! નિરાધારોને ખાણું ખવડાવો, પોતાના સગા સંબંધીઓ અને પારકાઓની સાથે ભલાઇથી વર્તો, હસતા ચેહરે સલામ કરી એક બીજાથી મળો પોતે ભલાઇ કરો અને બીજાને ભલાઇ કરતાં શીખવાડો."

જ્યારે અમારા નબીનો આ બોધ યહુદીઓના સરદાર **અબ્દુલ્લા ઇબ્ને સલામે** સાંભળ્યો અને આપના ચહેરા ઉપર ખુદાઇ નુરનો પ્રકાશ જોયો ત્યારે તરતજ કલમો ભણીને મુસલમાન થઇ ગયા. આવી રીતે બોધ સાંભળીને ઘણાં મદીના વાસીઓ મુસલમાન થઇ ગયા.

મકકાના કુરેશી મદીનામાં મુસલમાનોની વધતી જતી સંખ્યાનું સાંભળી ઘણાંજ ચીડાયા અને મુસલમાનો અહીં પણ આરામથી ન બેસી શકે એટલા માટે વારે ઘડી લશકર લઇને મદીના ઉપર

હુમલાઓ કરવા લાગ્યા. અને અમારા નબી તથા મુસલમાનોને નાબુદ કરી નાંખવા ચાહતા હતા પણ ખુદાએ ઇસલામને ફતેહ આપી.

બાબ ૧૨.

ઓહદની લડાઇમાં કુરેશોએ અમારા નબીને તીરો તથા પથરોથી એટલા બધા જખમી કરી દીધા કે આપ બેશુધ્ધ થઇને ભોંય ઉપર પડી ગયા આ જોઇ અમારા નબી પરલોક વાસી થયા એમ લોકો સમજ્યા પણ ખુદાએ પોતાના રસુલને જીવતા રાખ્યા. આપ તરતજ ઉભા થયા અને પોતાના દુશમનો માટે દોઆ માંગી. ખુદાવંદા! મારી કોમને ક્ષમા કર તેઓ શું કરી રહયા છે તેથી તેઓ પોતે અંજાણ છે."

એક દીવસે એક ઝાડની નીચે આપ એકલા સુઇ રહયા હતા એટલામાં **દઅસુર** નામનો નાસ્તિક આપને એકલાં જોઇને ઉઘાડી તલવાર લઇ આપને મારવા માટે આપના માથા આગળ ઉભો રહીને બોલ્યો. " **અય મોહમ્મદ**! કહો હવે તમને કોણ બચાવી શકે છે?" અમારા નબીએ તરતજ ઉભા થઇને જવાબ આપ્યો. "મને બચાવનાર મારો ખુદા છે" આટલું બોલી ઝડપથી **દઅસુર**ના હાથમાંથી તલવાર છીનવી લઇને ફરમાવ્યું " હવે બોલ તને કોણ બચાવશે?" **દઅસુર** પોતાની જીંદગીથી નિરાશ થતાં બોલ્યો " કોઇ નહીં" અમારા નબીએ આ સાંભળી તલવાર ફેંકી દેતાં ફરમાવ્યું." **દઅસુર**! તારી તલવાર ઉપાડી લે અને મારાથી દયાનો પાઠ

શીખ " અમારા નબીની બહાદુરી અને ત્યાંનો દબદબો ઉપર એટલો અસર થયો કે તેજ વખતે તે તાબા કરી કલમો પઢીને મુસલમાન થઇ ગયો.

બાબ ૧૩.

મક્કાના નાસ્તિકો સાત વરસ સુધી મુસલમાનોથી લડાઇઓ કરતા રહ્યા. પણ તેમાં તેઓનું કાંઇ વળ્યું નહી. છેવટે અમારા નબી મુસલમાનોની સાથે વિજયના વાવટા ફરકાવતા મક્કામાં દાખલ થયા. જે નાસ્તિકોએ મુસલમાનોને દુઃખ આપવામાં લગારે કસર રાખી નહોતી, જે અમારા નબીને કતલ કરી નાંખવા ચાહતા હતા અને એજ કારણસર અમારા નબીને પોતાની જન્મ ભુમી તજવી પડી હતી તેજ નાસ્તિકોને મુસલમાનોએ મક્કામાં દાખલ થઇને ઘેરી લીધા.

જ્યારે મુસલમાનોએ બધા નાસ્તિકોને ઘેરી લીધા ત્યારે અમારા નબીએ ફરમાવ્યું. " લોકો ! આજે હું તમારી સાથે કેવો વર્તાવ કરીશ તેનો કાંઇ વિચાર કર્યો ? " નાસ્તિકોએ માથું નમાવીને જવાબ આપ્યો " ઓ અમારા ભલા ભાઇ ! અમારા પ્રત્યે દયા બતાવ દેખાડ " અમારા નબીએ આંખોમાંથી આંસુ પાડતાં કહ્યું. " મેં તમો બધાને માફી આપી, જાઓ તમો બધાને મુક્ત કરૂં છું. "

નાસ્તિકો સમજતા હતા કે તેઓએ અમારા નબી અને મુસલમાનો ઉપર ગુજારેલી જાસ્તીના સબબે આ વખતે તેઓથી પૂરેપુરો બદલો લેવામાં આવશે પરંતુ અમારા નબીનો દયા ભાવ જોઇ તેઓ ઘણાજ શરમીંદા થઇને બોલ્યા. "બેશક આપ સાચા નબી અને ખુદાની બક્ષિસ છો." તે દીવસે ઘણાં નાસ્તિકો પોતાના કૃત્યોથી તવબા કરી મુસલમાન થઇ ગયા.

આ નાસ્તિકોમાં **હુબાર બિન અસવદ** નામનો માણસ પણ હતો જેણે અમારા નબીનાં મોટાં દીકરીને કતલ કર્યાં હતાં. પેહલાંતો તે બીકના સબબે સંતાઇ રહ્યો પણ ફરી અમારા નબીની સેવામાં હાથ જોડી હાજર થઇને બોલ્યો.

"હવે હું ઘણો પસ્તાઉં છું માટે આપ મારો ગુનોહ માફ કરો" અમારા નબીએ તે માણસને જોઇ માથું નમાવી લીધું અને ફરમાવ્યું. "હવે તું શામાટે પસ્તાવો કરે છે? જા મેં તને પણ માફી આપી."

બાબ ૧૪.

નાસ્તિકોનો એક સીધી ગુલામ હતો જેણે ઓહદની લડાઇમાં અમારા નબીના કાકા **હમઝા**ને શહીદ કરી તેમનું જીગર કાઢી લીધું હતું. જ્યારે મુસલમાનોએ મક્કા ફતેહ કર્યું ત્યારે તે મુસલમાનોની બીકથી નાસતો ફરતો હતો પણ જ્યારે ક્યાંએ આશરો ન મળ્યો ત્યારે એક દીવસે અમારા નબીની સભામાં હાજર થઇને બોલ્યો

" મને એટલી મહેતલ આપો કે હું આપના મુખથી ખુદાની વાણી સાંભળું." અમારા નબીએ આ સાંભળીને કુરઆને મજીદની આ આયત પઢી.

" કુલ યા ઇબાદીઅલ લઝીના અસરફુ અલા અન ફુસેહેમ લા તકનતુ મિર રહેમતિલ્લાહે ઇન્નલ લાહા યગફેરૂઝ ઝુનુબા જમીઆ "

(ઓ મોહમ્મદ કહીદો કે ઓ મારા બંદાઓ જેઓએ પોતાના જીવો ઉપર જાસ્તી ગુજારી છે તેઓ ખુદાની રહેમતથી નિરાશ ન થાય બેશક અલ્લાહ તમામ ગુનાહોને બક્ષનારો છે. પા. ૨૪)

તે હબશી ગુલામ આ ખુદાઇ વાણી સાંભળીને બોલ્યો. " શું મારા ગુનાહ પણ માફ થઇ શકે છે ? " અમારા નબીએ ફરમાવ્યું " શામાટે નહીં " હબશી ગુલામ તેજ વખતે તવબા કરીને મુસલમાન થઇ ગયો.

બાબ ૧૫.

એક લડાઇમાં યમનના ઘણાં નાસ્તિકો પકડાઇને આવ્યાં તેમાં હાતમ તાઇની દીકરી પણ હતી જ્યારે અમારા નબી કેદીઓની પાસે ગયા ત્યારે હાતમની દીકરીએ અમારા નબીને જોઇને કહ્યું.

" હું મારી કોમના સરદાર હાતમની દીકરી છું જે અરબમાં મોટા સખી પ્રખ્યાત થએલો છે. મારો બાપ મરી ગયો છે, ભાઇ હાર પામીને નાસી ગયો છે. આજે હું નિરાધાર અવસ્થામાં આવી પડી છું અને કેદી બનીને આપની સેવામાં હાજર થઇછું."

અમારા નબીએ ઘણીજ નરમાશ અને મહેરબાનીથી ફરમાવ્યું " ઓ બાળા તારા બાપમાં તો સાચા ઇમાનદારોના ગુણો હતા. તે બહુ મોટા સખી હતો. મેં તને મુક્ત કરી દીધી" તે બાળાએ કહ્યું " મારી સાથે મારી કોમ ઉપર પણ મહેરબાની કરો " અમારા નબીએ બધા કેદીઓને મુક્ત કરી દીધા. જ્યારે અદીએ પોતાની બેહનથી આ બધી હકીકત સાંભળી ત્યારે અમારા નબીની સેવામાં હાજર થયો અને તવબા કરીને પોતાની બેહનની સાથે મુસલમાન થઇ ગયો.

બાબ ૧૬.

એક વખતે નજરાનના ખ્રિસ્તીઓ અમારા નબીની પાસે આવીને કહેવા લાગ્યા " મસીહ (ઇસુખ્રિસ્ત) કુંવારી મરિયમના પેટે જન્મ્યા છે. તેઓ ખુદાના દીકરા છે બાપ દીકરો અને પવિત્ર આત્મા એ ત્રણે મળીને એક છે."

અમારા નબીએ ફરમાવ્યું " મસીહ તો વગર બાપના જન્મ્યા પરંતુ કહો જોઇએ આદમના માબાપ કોણ હતા? સાંભળો

ખુદાની જાત પવિત્ર છે. તેનો કોઇ દીકરો નથી તેમજ તેની સ્ત્રી પણ નથી. તેજ આખી જહાનનો પાલણહાર અને અમો સઘળાનો માલેક છે મુસા નબીની પેઠે ઇસા પણ નબી હતા અને તેઓ ખુદાના નેક બંદા હતા.

આ સાંભળી ખ્રિસ્તીઓએ વિવાદ કરવા માંડયો છેવટે આ વાત ઉપર ફેસલો થયો કે ખ્રિસ્તીઓનો વડો ધર્મગુરૂ અને અમારા નબી પોત પોતાના બાલ બચ્ચા સહિત ખુદાની દરગાહમાં દોઆ કરીને કહે કે જુઠ કહેતો હોય તેને ખુદા નાબુદ કરી નાંખે.

અમારા નબી સવારમાં પોતાના નાના નવાસા હુસેનને ગોદમાં લઇ તથા મોટા નવાસા હસનની આંગળી પકડી દોઆ માટે ગયા. પાછળ આપના વહાલાં દીકરી બીબી ફાતેમા અને તેમની પાછળ તેમના પતી અલી હતા.

અમારા નબીને આવા દબદબાથી જતા જોઇ ખ્રિસ્તીઓનો વડો ધર્મગુરૂ કહેવા લાગ્યો " મારા ભાઇઓ ! એમનાથી કદી પણ મુકાબલો ન કરવો જોઇએ કેમકે એ અલ્લાહના એવા પવિત્ર બંદાઓ છે અને તેમના ચહેરા ઉપર એવો પ્રકાશ જણાય છે કે તેઓ અગર ખુદાની જનાબમાં દોઆ માંગે કે પહાડ પોતાની જગ્યાએથી ખસી જાય તો ખરેખર ખુદા તેમની એ દોઆ કબુલ કરી લેશે."

આ સાંભળી બધા ખ્રિસ્તિઓ અમારા નબી ઉપર ઇમાન લાવી મુસલમાન થઇ ગયા.

બાબ ૧૭.

અમારા નબીની પાસે કોઇ નિરાધાર આવતો તો આપ ભુખ્યા રહીને તેને ખાણું ખવરાવતા અને પોતાના લુગડાં ઉતારીને આપી દેતા હતા. અમારા નબી સાદી જીંદગી ગુજારતા હતા. ફકીરોની સાથે બેસતા અને અનાથ નિરાધારોને પોતાની સાથે ખાણું ખવરાવતા હતા.

એક દીવસેં આપની પાસેં કાંઇ પાથરવાનું નહોતું જેથી આપ ઓરડામાં પાથરેલી ચટાઇ ઉપર સુઇ રહ્યા. જ્યારે આપ જાગ્યા ત્યારે આપના પવિત્ર શરીર ઉપર ચટાઇના સાંધા પડી ગયા હતા. જે જોઇને એક મુસલમાને અરજ કરી. “રૂમ અને ઇરાનના બાદશાહ એશ કરે છે પણ અમારા નબી જેઓ દીન અને દુનિયાના બાદશાહ છે તેઓ આ રીતે ગરીબીથી રહે છે” અમારા નબીએ આ સાંભળીને જવાબમાં ફરમાવ્યું “મને દુનિયાનો એશ જોઇતો નથી ખુદાતાલા મને મિસ્કીનોની પેઠે જીવતો રાખે અને મિસ્કીનોની પેઠે મોત આપે.”

બાબ ૧૮.

અમારા નબીએ અનેક ચમત્કારો દેખાડયા છે. એક દીવસે આપ જંગલમાં જઇ રહ્યા હતા, અને ઘણા મુસલમાનો આપની

સાથે હતા, સખત ગરમી પડતી હતી. બપોરનો વખત હતો અને ક્યાંએ પાણીનું નિશાન નહોતું.

અમારા નબીએ એક ન્હાનકડી મશક જેમાં થોડું પાણી હતું તે ઉપાડીને લોકોને પાણી પાવું શરૂ કર્યું બધા સાથીઓએ પેટ ભરીને પાણી પીધું અને તે ન્હાનકડી મશક સેંકડો માણસો માટે પુરતી થઇ ગઇ. એવીજ રીતે એક વખતે એક ગરીબ મુસલમાને આપની સેવામાં હાજર થઇને અરજ ગુજારી "મારો બાપ યહુદીઓનો દેવાદાર હતો અને તે દેવું મુકીને મર્ણ પામ્યો છે. યહુદીઓ લહેણા માટે મારા ઉપર જાસ્તી ગુજારી રહ્યા છે અને મારી પાસે એક પાઇ પણ નથી."

અમારા નબીએ ફરમાવ્યું. "તારી પાસે કોઇ વસ્તુ હોય તો લાવ" તે માણસે થોડીક ખજુરો લાવીને મુકી અમારા નબીએ તે ખજુરો ઉપર પોતાનો મુબારક હાથ ફેરવીને ફરમાવ્યું. "હવે આ ખજુરોનો તોલ કરીને તારા લહેણદારોને આપ" તેણે આપના ફરમાન પ્રમાણે ખજુરોનું તોલ કર્યું તો એટલી બધી થઇ ગઇ કે તેનું બધું દેવું પતી ગયું.

આવા અનેક ચમત્કારો અમારા નબીએ દેખાડયા છે. પણ સહુથી મોટો ચમત્કાર કુરઆનનો છે. જેની દુનિઆમાં જોડી નથી અને થવી પણ મુશ્કેલ છે. કયામત સુધી આપનો આ ચમત્કાર કાયમ રહેશે.

બાબ ૧૯.

યહુદીયો અમારા નબીની સાથે સખત દુશમનાઇ રાખતા હતા અને ચાહતા હતા કે કોઇ પણ રીતે અમારા નબીને કતલ કરી નાંખે કોઈ વખત અમારા નબીથી લડતા હતા, કોઇ વખતે બીજા લોકોને ભરમાવી મદીના ઉપર હુમલાઓ કરતા હતા પણ તેઓ પોતાની દરેક હીલચાલમાં પાછા પડયા હતા.

યહુદીઓના સરદાર હારિસની દીકરી ઝેનબે એક દીવસે અમારા નબીને જમવા તેડયા અને ખાણાંમાં છુપી રીતે ઝેર આપી દીધું જ્યારે આ વાતની ખબર મુસલમાનોને પડી ત્યારે તેઓએ ઝેનબને પકડી પણ અમારા નબીએ ફરમાવ્યું "હવે આ સ્ત્રીને મુકી દો મેં પોતે તેણીને માફ કરી દીધું."

મુસલમાનોએ તે ખુની સ્ત્રીને મુકી દીધી. પણ છેવટે અમારા નબી આ ઝેરની અસરથી ત્રેસઠ વરસની વયે દુનિયાથી પરદા પોશ થઈને ખુદાની પાસે ગયા.

અમારા નબી "મદીનાની મસજીદે નબવીના હુજરામાં મીઠી ઉંઘમાં આરામ ફરમાવે છે. લાખો કરોડો મુસલમાનો દેશ પ્રદેશથી આવે છે અને આપના મુબારક રોઝાની ઝયારત કરી દરૂદ પડે છે.

બાબ ૨૦.

અમારા નબી ૧૩ વરસ મક્કામાં અને દસ વરસ મદીનામાં મળી કુલ તેવીસ વરસ સુધી ખુદાના હુકમથી લોકોને બોધ કરતા

રહયા. ખુદાએ પોતાની પવિત્ર વાણી કુરઆને શરીફ આપની ઉપર ઉતાર્યો કુરઆને શરીફ કરતાં સરસ એક પુસ્તક નથી. તે આકાશી પુસ્તક અમને ઇસલામનો સાચો ધર્મ શીખવાડે છે.

અમો એક અલ્લાહને માનીએ છીએ તેનીજ એબાદત કરીએ છીએ. તેનો કોઇ જોડ નથી. તેનો કોઇ ભાગીઓ નથી. તેનો કોઇ દીકરો તથા બાપ નથી. તેણેજ જમીન, આકાશ, ચાંદ, સુરજ તારા પશુ, પક્ષિઓ અને માણસો વિગેરેને પેદા કર્યા છે. અને તેજ સરવેને પાળે છે. ફરિશ્તાઓ તેના પવિત્ર સેવકો છે અને રાત દીવસ તેનો હુકમ બજાવી લાવે છે.

તે અલ્લાહ એવો મહેરબાન છે કે જેણે અમોને સારી વાતોનું શિક્ષણ આપવા માટે દરેક જગ્યાએ નબીઓને મોકલ્યા જેઓએ પો I પોતાના સમયમાં લોકોને ભલાઇના રસ્તા દેખાડયા સરવે નબીઓની પાછળ ખુદાએ અમારા વહાલા નબી **મોહમદ મુસ્તુફાને** મોકલ્યા જેઓએ ઇસલામના એવા સંપુર્ણ ધર્મનું શિક્ષણ આપ્યું કે હવે કયામત સુધી કોઇ બીજા નબીની જરૂર રહેતી નથી. ઇસલામ દુનયાને મુક્તિનો સીધો અને સરળ રસ્તો દેખાડયો છે.

અમારા નબીએ એવું ઉતમ શિક્ષણ આપ્યું કે હવે હીંદુ ખ્રિસ્તી વિગેરે ધર્મો વાળા પણ એક ખુદાને માનતાં શીખે છે. અમે અમારા નબીને સાચા નબી માનીએ છીએ અને આપની પહેલાં જેટલા

નબી થઇ ગયા છે તે બધા નબી અને અલ્લાહના નેક બંદા હતા. તે બધાને પણ સાચા માનીએ છીએ.

અમારી માન્યતા છે કે અમો સઘળા મર્ણ પામવા બાદ જીવતા થઇશું અને જે નેક છે તેમને બહેશ્ત (સ્વર્ગ) માં સુખો ભોગવવા મળશે અને જેઓ બદ છે તેઓ નર્કમાં બળશે.

અમારી માન્યતા છે કે અમારા નબીએ અમોને જે કાંઇ શિક્ષણ આપ્યું છે તે બધું ખુદાના હુકમથી આપેલું છે અને અમોને તે શિક્ષણ પ્રમાણેજ વર્તવું જોઇએ.

અમો સઘળા ગુન્હેગાર છીએ પરંતુ ખુદાની રહેમનથી ના ઉમ્મેદ નથી. અમારા નબી પોતાની જીંદગીમાં દુશમનોને માટે પણ દોઆઓ માંગતા હતા. અમો અમારા વ્હાલા નબીથી મોહબ્બત કરીએ છીએ તો શું તેઓ અમારા માટે ખુદાની દરગાહમાં દોઆ નહીં માંગે ?

ખુદા અમારા નબીની દોઆનો સ્વીકાર કરતો હતો જ્યારે અમારા નબી અમારા માટે દોઆ માંગશે ત્યારે શું ખુદા તેનો સ્વીકાર નહીં કરે ?

બેશક અમે અમારા વ્હાલા નબી **મોહમ્મદ મુસ્તુફા** પ્રત્યે મોહોબ્બત રાખીએ છીએ તેઓ અમારા માટે ખુદાની પાસે દોઆ માંગશે અને ખુદા અમને દીન તથા દુનિયામાં ખુશ રાખશે.

અમો સઘળા કલમો માગીએ છીએ. “ **લાઇલાહા ઇલ્લલ્લાહુ મોહમ્મદ રસુલુલ્લાહ** ” (નથી કોઇ પુજ્ય પણ અલ્લાહ અને મોહમ્મદ અલ્લાહના રસુલ છે.)

અમો સઘળા અમારા વ્હાલા નબીની ઉપર દરૂદ મોકલીએ છીએ. “**અલ્લા હુમ્મા સલ્લે અલા મોહમ્મદીવં વઆલે મોહમ્મદ** ” (ઓ અલ્લાહ મોહમ્મદ અને આપની આવલાદ ઉપર દરૂદ મોકલ.)

સમાપ્ત.

રસુલે અરબી

હઝરત મોહમ્મદ પેગમ્બર સલ૦

(લખનાર–પીરઝાદા મોટામીયાં)

ગુજરાતી ભાષામાં આજ સુધી દુનિયાના મહાન પેગમ્બર હઝરત મોહમ્મદ સલ૦ની મુબારક જીંદગીના બનાવોનું આ પુસ્તકના જેવું બીજુ એકે પુસ્તક બહાર પડયું નથી. પીરઝાદા મોટામીયાં સાહેબ જેઓ એક સજ્જાદેનશીન અને કાઝી હોવા ઉપરાંત સચીન સ્ટેટના નાયબ દિવાન પણ છે જેમના માટે લેખક વર્ગમાં બે મત છેજ નહી. તેઓ એક એવા બાહોશ વિદવાન છે કે જેમના લેખો અને પુસ્તકોને હજારો માણસો માનની નજરથી જુવે છે. આવા એક વિદવાન પીરઝાદા સાહેબે હુઝુર સરવરે કાયનાત સલ૦ની મુબારક જીંદગી માટે કેવું પુસ્તક લખ્યું હશે તે સહેજમાં સમજી શકાય છે. તેઓએ આ પુસ્તકમાં તેર પ્રકારમાં સમાવેશ કરેલો છે. જેમાં નીચે જણેલી હકીકત ખુલાસાવાર લખવામાં આવી છે.

૧ અરબસ્તાન, ૨ પ્રાચીન રહેવાસીઓ ૩ ઇસ્લામની જરૂર, ૪ હજરતનો જન્મ અને પ્રાથમીક કાળ, ૫ પેગમ્બરનો મરતબો, ૬ છુપા સારૂ ઇસલામ, ૭ મક્કેથી નીકળી જવું, ૮ દુશ્મનોનાં ધાડાં, ૯ મક્કાની ફતેહ, ૧૦ છેલ્લો સમય, ૧૧ પેગમ્બરની જીંદગી, ૧૨ ઇસ્લા ૧૩ ઇસલામ અને દુનિઆં.

ઉંચા ગલેઝ કાગળના મોટી સાઇઝના દોઢસો ઉપરાંત પાનાના પાકી બાંધણી અને સોનેરી નામવાળા પુસ્તકની કીમત રૂા. ૧-૪-૦. વી. પી. પોસ્ટ ખર્ચના ત્રણ આના.

ઇસલામની પહેલી કીતાબ.

આ કીતાબમાં ઇસલામના પાંચ કલમા, ઇમાને મુજમલ, ઇમાને મુફસ્સલ, નમાઝ, વુઝુ કરવાની રીત, તયમ્મુમ, ગુસલ, નમાઝની અઝાન, નમાઝના વખત, નમાઝ પઢવાની રીત નમાઝની વીગત બંને ઇદો તથા જુમઆની નમાઝ તરાવીહ અને જનાઝાની નમાઝની વીગત અરબી ઇબારત તથા ગુજરાતી તરજુમા સાથે આપવામાં આવેલ છે કીમત બે આના. પોસ્ટેજ અર્ધો આનો.

અમારા નબી
અને
તેમના બોધ વચન.

આખી આલમના ઇસલામીઓના સરતાજ હજરત મોહ-મ્મદ સલ૦ ના મુબારક જન્મથી તે દુનિયાથી પરદાપોશ થયા ત્યાં સુધીની હકીકત સરલ અને તદન સહેલી ગુજરાતી ભાષામાં લખવામાં આવી છે, અને એ મહાન પયગમબર સલ૦ની પવિત્ર જીંદગીની મુખ્ય બાબતો ઉપર પ્રકાશ નાંખવામાં આવ્યો છે. વળી હદીસોની મુસતનદ કીતાબોમાંથી બોધ લેવા લાયક નમુનેદાર હદીસોનો ગુજરાતી તરજુમો આપવામાં આવ્યો છે, આવી નાદર કીતાબ એકે એક મુસલમાનની પાસે હોવી જોઇયે. જે ઇસલામી ભાઇયો ઉરદુ ભાષા જાણતા ન હોવાથી પોતાના પ્યારા નબી સલ૦ ની પવિત્ર જીંદગીના અહેવાલો તથા મોટા મોટા ફીલસુફોના બોધ વચનોને બાજુને મુકે તેવા બોધ વચનોથી અજાણ છે તેમના માટે આ પુસ્તક એક આશીરવાદ સમાન છે. કીમ્મત માત્ર આઠ આના. વી. પી. ટપાલ ખરચ બે આના.

નિઝામીયા બુક ડેપો.
ખાંચપટી—અમદાવાદ.